**વિષય :—તળાવના તળીયાની જમીનના નિકાલ બાબત.**

**સરકારી ઠરાવ નં. એલપીડબલ્યુ/૧૦૮૭/ ૧૦/પી, તારીખ ૩જી ઓકટોબર ૧૯૮૧.**

સિંચાઈ વિભાગ હેઠળના તળાવોની તળીયાની જમીન જયારે પાણીની સપાટી ઉતરી જવાથી ખુલ્લી થાય છે. ત્યારે તે વણખેડાયેલી રહે નહીં તે માટે સદરહું જમીન એક સાલી ધોરણે ખેડવા આપવાનું ધોરણ રાજય સરકારે સ્વીકાર્યું છે. અને તે અન્વયે રાજય સરકાર હસ્તક અને પંચાયતોને સોંપવામાં આવેલ તળાવના તળીયાની જમીનના ઉપયોગ માટેની નીતિ સંદર્ભ-૧ હેઠળના તારીખ ૧૪મી જુલાઈ ૧૯૬૬ના ઠરાવથી નક્કી કરવામાં આવી છે. સદરહુ ઠરાવમાં નિયમ-૨ અન્વયે તળાવના તળીયાની જમીનના નિકાલ માટે અપનાવવાના અગ્રીમતાક્રમ અંગેના ધોરણો નક્કી કરવામાં આવ્યા છે. અને નિયમ-૩ અન્વયે વધુમાં વધુ કેટલી જમીન આપી શકાય તે અંગેના ધોરણો પણ નક્કી કરેલ છે. આ નિયમ-૩ અન્વયે નક્કી કરેલ ધોરણોમાં તારીખ ૧૨મી ઓકટોબર ૧૯૭૧ના સંદર્ભ-૨ આગળના સરકારી ઠરાવ અન્વયે સુધારો કરવામાં આવ્યો હતો. આ સુધારો સામે કેટલાક વિસ્તારમાં અસંતોષ જોવા મળે છે. આથી તારીખ ૧૪મી જુલાઈ ૧૯૬૬ ના ઠરાવમાં તારીખ ૧૨મી ઓકટોબર ૧૯૭૧ ના ઠરાવથી જે અંશત: સુધારો કરી માત્ર અગ્રીમતા ક્રમાંક-કે માટે વધુમાં વધુ ત્રણ એકરને બદલે પાંચ એકર જમીન આપવાનું ઠરાવેલ છે તે રદ કરી દરેક અગ્રીમતા ક્રમવાળાને અગાઉની મૂળ જોગવાઈ મુજબ સોળ એકરની મર્યાદામાં રહી વધુમાં વધુ ત્રણ એકર સુધી જ જમીન ખેડવા માટે ભાડે અપાય તો ખુલ્લી થતી તળાવની જમીનનો લાભ પ્રમાણમાં વધુ સંખ્યામાં નાના ખેડૂતોને મળી શકે. આ સંદર્ભમાં તારીખ ૧૨મી ઓકટોબર ૧૯૭૧ના ઠરાવ રદ કરવાની બાબત સરકારની વિચારણામાં હતી.

આ મુદ્દાની કાળજીભરી પુન: વિચારણાને અંતે સંદર્ભ-૧ હેઠળના તારીખ ૧૪મી જુલાઈ ૧૯૬૬ના ઠરાવ સાથે જોડવામાં આવેલ નિયમ નં. ૩માં સંદર્ભ-૨ હેઠળના તારીખ ૧૨મી ઓકટોબર ૧૯૭૧ના ઠરાવ અન્વયે કરેલ સુધારો રદ કરવાનું સરકાર ઠરાવે છે.

(૨) તારીખ ૧૨મી ઓકટોબર ૧૯૭૧નો ઠરાવ રદ થતાં સંદર્ભ-૧ હેઠળના તારીખ ૧૪મી જુલાઈ ૧૯૬૬ના ઠરાવ સાથે જોડવામાં આવેલ નિયમ-૩ અન્વયે વધુમાં વધુ કેટલી જમીન આપી શકાય તે અંગેના ધોરણો હવેથી યથાવત ચાલુ રહે છે. એટલે કે જે ખેડૂત કુટુંબ પાસે સોળ એકર કરતાં જમીન ઓછી હોય તેમને તેમના ખાતાની કુલ જમીન સોળ એકર કરતાં વધે નહીં તે રીતે વધુમાં વધુ ત્રણ એકર તળાવના તળીયાની ખુલ્લી થતી જમીન ખેડવા માટે ભાડે આપવી. સહકારી મંડળીના સભ્ય કે જેની પાસે સોળ એકર કરતાં ઓછી જમીન હોય તો સભ્ય દીઠ તેમના ખાતાની કુલ જમીન સોળ એકર કરતાં વધે નહીં તેવી રીતે વધુમાં વધુ ચાર એકર તળાવ જમીન ભાડે આપવી.

(૩) આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર મહેસુલ વિભાગની તારીખ ૩જી ઓકટોબર ૧૯૮૧ના રોજ સંમતિ મેળવ્યા બાદ બહાર પાડવામાં આવે છે.